# જિલ્લાની ૧૫૬ પંચાયતોમાંથી ૯૦ના પરિણામ જાહેર

## સવારે ૧૧.૩૦ થી પરિણામો મળવાનો પ્રારંભ થયો : નવા ચહેરાઓ વધુ જીત્યા : ચંદ્રાલામાં અથડામણ થઈ પોલીસ પહોંચી : મેયરના ગામમાં કોંગ્રેસ સમર્થિત ઉમેદવાર વિજયી : નવા ધરમપુરમાં મધુર ડેરીના ચેરમેનના ભાભી વિજયી થયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની ૧૫૬ ગ્રામ પંચાયતોની ૧૯મીએ યોજાયેલી ચૂંટણીની મતગણતરી આજે સવારે નવ વાગ્યાથી શરૂ થઈ હતી. માણસા અને કલોલમાં પંચાયતોની ચૂંટણીના તમામ પરિણામ જાહેર થઈ ગયા છે. જિલ્લામાં રાત્રિના ૮ વાગ્યા સુધીમાં ૯૦ પંચાયતોની ચૂંટણીના પરિણામ જાહેર થઈ જવા પામ્યા છે.

કલોલ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર થઈ ગયા છે. ગાંધીનગર તાલુકાની ૩૫ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર થયા છે. માણસા તાલુકાની ૧૮ ગ્રામ પંચાયતો તથા દહેગામની ૨૭ થી વધુ પંચાયતોના પરિણામ જાહેર થઈ ગયા છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં નવા ચહેરાઓ વધુ ચૂંટાઈને આવ્યાનું જાણવા મળેલ છે. જિલ્લાના ચારેય તાલુકામાં આજે સવારથી જ મતગણતરીની કામગીરી હાથ ધરાઈ હતી અને સવારે ૧૧ વાગ્યાથી પરિણામોના ટ્રેન્ડ મળવાના શરૂ થઈ ગયા હતા.

જિલ્લામાં યોજાયેલી ચૂંટણીના પરિણામો જાણવા માટે લોકો મોટી સંખ્યામાં તાલુકા



મથકોના મતગણતરી કેન્દ્રો ખાતે ઉમટ્યા હતા અને જેમ જેમ પરિણામ જાહેર થતા જતા હતા તેમ તેમ લોકો વિજેતાઓને વધાવતા ગુલાલ ઉડાડતા નજરે જોવા મળ્યા હતા.

પંચાયતોની આ ચૂંટણીમાં ૮૧ ટકાથી વધુ મતદાન નોંધાયુ હતુ. જોકે આજે મતગણતરીમાં પહેલા નાના-નાના ગામોને લેવામાં આવ્યા હતા અને ઝડપથી કામગીરી પૂર્ણ થઈ હતી. મોટા ગામોની ગણતરીએ ભારે ઉત્તેજનાઓ જગાવી હતી અને સતત ફોન પર પરિણામોની પૃચ્છાઓ ચાલતી સાંભળવા મળી હતી.

ગાંધીનગર તાલુકામાં જાખોરા રાજપુર ગામ કે જે પૂર્વ સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા તથા ગાંધીનગરના મેયર હિતેષ મકવાણાનું અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન કોદરભાઈ પટેલનું ગામ છે ત્યાં કોંગ્રેસ સમર્થિત પરિવર્તન પેનલના શાંતાબેન રબારીનો વિજય થયો હતો.

તાલુકાના પ્રાંતિયા, લિમ્બડીયા, મહુન્દ્રા, ધણપમાં નવા ચહેરાઓ વિજયી થયા હોવાના અહેવાલો છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલના ગામ ચંદ્રાલામાં ચૂંટણીના પરિણામો જાહેર થતાં નીકળેલા વિજય સરઘસમાં અથડામણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હોવાનું જાણવા મળેલ છે. ચંદ્રાલામાં સરપંચ તરીકે શિલ્પાબેન આર. પટેલનો વિજય થયો છે.

નવા ધરમપુરમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાના ભાભી જશુબા જીવણસિંહ રાણા અને તેમની પેનલનો વિજય થયો છે.

આજે મતગણતરી દરમ્યાન ત્રણેક ગામોમાં પુનઃ મતગણતરીની માંગણી આવી હતી પરંતુ પુનઃ મતગણતરીને અંતે પરિણામમાં કોઈ તફાવત નહિ થયો હોવાનું જાણવા મળેલ છે.

માણસાના સૌલેયા, દહેગામના સાણોદા અને ગાંધીનગરના પ્રાંતિયા ગામે સરપંચની ચૂંટણીના પરિણામમાં પુનઃ મતગણતરી માંગવામાં આવી હતી. બધા જ પરિણામો બુધવારે વ્હેલી સવાર સુધીમાં જાહેર થશે.





## ભીમાસણ-ગણપતપુરામાં ચિઠ્ઠી ઉછાળી વિજેતા જાહેર કરાયા

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ભીમાસણ અને ગણપતપુરા ગામમાં યોજાયેલ પંચાયતની ચૂંટણીમાં વોર્ડ સભ્યોને સરખે સરખા મત મળતાં નિયમાનુસાર ચીઠ્ઠી ઉછાળી ઉમેદવાર વિજયી જાહેર કરાયા હતા.

ભીમાસણના વોર્ડ નં. ૩ માં ઉમેદવાર અરવિંદજી ઠાકોર તથા વિજયજી ઠાકોરને સરખા મત મતગણતરી દરમ્યાન મળ્યા હતા. આથી નિયમ-૬૨ મુજબ ચીઠ્ઠી ઉછાળી નિર્ણય લેવાનો થતાં ચીઠ્ઠી અરવિંદજી ઠાકોરના નામની નીકળતાં તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

ગણપતપુરામાં વોર્ડ નં. ૨ માં બે મહિલા ઉમેદવારોને સરખા મત મળ્યા હતા. શ્રીમતિ કાજલબેન ઠાકોર અને શ્રીમતિ જશીબેન ઠાકોરને સરખા મત મળતાં ચિઠ્ઠી ઉછાળતાં શ્રીમતિ કાજલબેન ઠાકોરને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. માણસાના સૌલૈયા, દહેગામના સાણોદા, ગાંધીનગરના પ્રાંતિયામાં સરપંચની બેઠક માટે પુનઃ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જોકે પરિણામમાં કોઈ ફેરફાર થયો ન હતો.

# મોડી સાંજે ખ-માર્ગ પર મારામારીમાં એક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરનો જેમ જેમ વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધી



રહ્યું હોય તેવું અનુભવાઈ રહ્યું છે. આજે મોડી સાંજે 'ખ' રોડ પર સેક્ટર-૪-બી અને 'સી' વચ્ચેના રોડ ખાતે એક મારમારીની ઘટના બની હતી જેમાં એક કારચાલક પર કોઈએ હુમલો કરી કારમાં તોડફોડ કરવા સાથે તીક્ષ્ણ હથિયારથી ઘા કરવામાં આવ્યાં હતા જેનાથી ઘાયલ ઈસમને હાઈટેક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

મોડી સાંજે શહેરના ખ-માર્ગ પર સે.૪-બી અને સી વચ્ચેના રોડ પર સર્જાયેલી આ ઘટનામાં રસ્તા પરથી ચાકુ જેવું હથિયાર મળી આવ્યુ હોવાના અને લોહીના ડાઘવાળી ફૂટપાથ સહિત તુટેલા કાચવાળી લાલ રંગની કારના ફોટા વાઈરલ થતાં જ ખૂન થયું હોવાના સમાચાર પ્રસર્યા હતા જોકે પ્રાપ્ત વિગતો અનુસાર આ ઘટનામાં અડાલજના ધવલજી ઠાકોર નામના શખ્સ પર કેટલાંક શખ્સો દ્વારા હૂમલો કરાયો હતો અને ધવલજીને પગના ભાગે ઈજાઓ પહોંચી હોવાની બિનસત્તાવાર સૂત્રો પાસેથી જાણકારી મળી હતી. સમગ્ર ઘટના જમીન-મકાન વ્યવસાય બાબતની હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## ઝુંડાલ કેનાલ પાસે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈકચાલક આધેડનું મોત

ગાંધીનગરના ઝુંડાલ પાસેની નર્મદા કેનાલના છેડા નજીક અજાણ્યા વાહનની ટક્કરે એક બાઈક સવાર આધેડનું કરૂણ મોત નીપજ્યું છે. ચાંદખેડાના ન્યુ સી.જી. રોડ પરની અચલ રેસીડન્સીના રહેવાસી જયંતિલાલ સોલંકી જ્યારે સામાજિક કામેથી વિજાપુરથી પરત ફરી રહ્યાં હતા ત્યારે તેમના હોન્ડા શાઈન બાઈક નં. જીજે-૦૧-એમયુ-૮૫૫૩ને અજાણ્યા વાહને ટક્કર મારતાં તેમના માથાના તથા ડાબા હાથે-પગે ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લવાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે અડાલજ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈશુદાન સહિત ૯ કાર્યકરોને જ્યુડી.કસ્ટડીમાં મોકલ્યા

## ગૌણ સેવા પસંદગી મંડળના પેપર લીક મામલે આપના નેતાઓ દ્વારા વિરોધપ્રદર્શન મામલે ધરપકડ કરાઈ હતી

આપના નેતા સહિત કાર્યકરોને આજે કોર્ટમાં હાજર કરાયા છે. આપના નેતા ઈશુદાન ગઢવી, પ્રવીણ રામ, ગોપાલ ઈટાલીયા સહિતના લોકોને જીઁ કચેરીથી કોર્ટમાં રજૂ કરાયા છે. તમામનું મેડિકલ ચેકઅપ કરી કોર્ટ લઈ જવાયા છે. ગઈકાલે મોડી રાત્રે મહિલાઓને જજ સમક્ષ હાજર કરાયા હતા. પરંતુ મહિલાઓને જામીન ના મળતા સેન્ટ્રલ જેલ લઈ જવાયા હતા. નિખિલ સવાણી સહિત ૯ કાર્યકરોને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા છે. આ વિશે જાણવા મળી રહ્યું છે કે ગૌણ સેવા પસંદગી મંડળના પેપર લીક મામલે આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરાયું હતું, જે મામલે ૬ આગેવાન સહિત ૭૦ જેટલા કાર્યકરોની ધરપકડ કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના નેતાઓની ધરપકડ બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યાં છે. જ્યાં ઈસુદાન, પ્રવીણ રામ, ગોપાલ ઈટાલીયા સહિતના લોકોને કોર્ટમાં હાજર કરાયા હતા. જ્યાં તમામ



લોકોના જામીન ના મંજૂર કરાયા અને તમામને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકવામાં આવ્યા છે. ગુજરાત આપ દ્વારા ભાજપનાં હેડક્વાર્ટર કમલમ્ ખાતે વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. જેના પગલે કમલમ ખાતે મોટા પ્રમાણમાં આપના કાર્યકરો ઉમટી પડ્યા હતા. ભાજપ વિરોધી સુત્રો પણ લગાવ્યા હતા. જો કે ભાજપનાં કાર્યકરો પણ મોટા પ્રમાણમાં ઉમટી પડતા ભાજપ અને આપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. ઝપાઝપી અને બોલાચાલી થઈ હતી. જેના કારણે બંન્ને કાર્યકરો વચ્ચે વધી રહેલું ઘર્ષણ જોઈને પોલીસને બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી. સ્થાનિક પોલીસ દ્વારા વધી રહેલું ઘર્ષણ જોઈને બળપ્રયોગ કરવામાં આવ્યો હતો. આપ અને ભાજપના કાર્યકરોને તથા આપના કાર્યકરોને વિખેર્યા હતા.

પોલીસના બળપ્રયોગથી થોડા સમય માટે ભાગા ભાગી અને દોડાદોડીનું વાતાવરણ સર્જાયું હતું. તો બીજી તરફ પોલીસે બાકી રહેલા આપના કાર્યકરોની અટકાયત કરી હતી. જો કે આ તમામ ઘટનાક્રમ વચ્ચે ભાજપના નેતા શ્રદ્ધા રાજપુતે આપના નેતા ઈસુદાન ગઢવી નશાની હાલતમાં હોવાનો આરોપ લગાવ્યો હતો. શ્રદ્ધા રાજપુતે આરોપ લગાવ્યો કે, આપના નેતા ઈશુદાન ગઢવી નશાની હાલતમાં હતા. તેમણે નશાની હાલતમાં આ યુવા નેતાની છેડતી પણ કરી હોવાનો આક્ષેપ કર્યો હતો.

# સચિવાલયમાં ફાઈલ ટ્રેકીંગ ઓનલાઈન નહીં ઓફલાઈન, સીએમ ડેસ્કબોર્ડનો ભય લાગે છે

## મહિનાઓ સુધી ફાઈલો મૂકી રાખનારા અધિકારીઓ અને મંત્રીઓને ડર છે કે જો ફાઇલ ટ્રેકીંગ ઓનલાઇન થશે તો મુખ્યમંત્રીનો ઠપકો સાંભળવા મળશે

કોરોના સંક્રમણના સમયમાં રાજ્યના શિક્ષણ વિભાગમાં હજી પણ મોટાભાગની સ્કૂલો અને કોલેજો ઓનલાઈન ચાલે છે પરંતુ ગુજરાત સરકારની ફાઈલો ઓનલાઈન નહીં પણ ઓફલાઈન ચાલે છે. કોઈપણ ફાઈલનું ટ્રેકીંગ જોવું હોય તો ફિઝિકલી જોવું પડે છે, કારણ કે ઓનલાઈનમાં ફાઈલની મુવમેન્ટ પ્રક્રિયા સમયસર અપડેટ થતી નથી.

જો ફાઈલની પ્રક્રિયા નિયમિત અપડેટ થાય તો મુખ્યમંત્રી પાસે સીએમ ડેસ્કબોર્ડ છે તેમાં ખબર પડી જાય છે કે કઈ ફાઈલ ક્યા અધિકારી કે મંત્રીની ચેમ્બરમાં કેટલા દિવસથી પડી રહી છે. આ ડેસ્કબોર્ડમાંથી બચવા માટે ઓનલાઈન ટ્રેકીંગ ધીમીગતિએ ચાલી રહ્યું છે. એક અધિકારીએ કહ્યું હતું કે અરજન્ટ ફાઈલ હોય ત્યારે પહેલાં ફિઝીકલી મોકલી દેવામાં આવતી હોય છે અને પછી તેને ઓનલાઈન ટ્રેકીંગમાં લાવવામાં આવે છે, પરંતુ આ ઝડપથી કામ નહીં કરવાનો બચાવ છે. કેટલીક સંવેદનશીલ એટલે કે જેમાંથી કંઈ મળવાની અપેક્ષા હોય એવી ફાઈલો મૂકી રાખવામાં આવતી હોય છે. ખાસ કરીને મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગની ફાઈલોની ગતિ ધીમી જોવા મળે છે. તાજેતરમાં મહેસૂલ વિભાગમાંફાઈલ મૂકી રાખતા-કેટલાક ક્વેરીમાસ્ટરોની મોટાપાયે બદલીઓ કરવામાં આવી છે. આ એક એવો વિભાગ છે કે જેમાં પહેલાં પંકજકુમારે અને હવે કમલ દાયાણીએ કર્મચારીઓના ટેબલો બદલ્યાં છે.

રાજ્ય સરકારના વહીવટી તંત્રમાં ઈન્ટીગ્રેટેડ વર્કફ્લો એન્ડ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ દાખલ કરવામાં આવેલી છે અને તેના આધારે સીએમ ડેશબોર્ડમાં ફાઈલની મુવમેન્ટ ખબર પડે છે પરંતુ કોરોના સંક્રમણના સમયથી એટલે કે છેલ્લા પોણા બે વર્ષથી આઈડબલ્યુ ડીએમએસ બંધ જેવી હાલતમાં છે. તેમાં ફાઈલ ટ્રેકીંગ કરી શકાતું નથી. ફાઈલનો આખો નંબર યાદ હોય તો કોઈપણ અરજદાર અનેક વિભાગોના ચક્કર લગાવ્યા પછી ફાઈલની સાચી દિશા માલૂમ કરી શકે છે. સચિવાલયમાં ચાર વર્ષ પહેલાં ખાનગી કંપની આ પાસે સોફ્ટવેર તૈયાર કરાવ્યું હતું અને તેનું પેમેન્ટ પણ આપી દેવામાં આવ્યું છે. તપાસ કરતાં જાણવા મળ્યું છે કે સરકારના કેબિનેટ મંત્રીઓ અને વિભાગના આઈએએસ અધિકારીઓ આ સિસ્ટમ ફરી ચાલુ થાય તેવું ઈચ્છતા નથી. કેમ કે સરકારી ફાઈલ ઓનલાઈન થાય તો ખબર પડી જાય છે કે ફાઈલ ક્યા મંત્રી કે અધિકારીની ચેમ્બરમાં પેન્ડીંગ છે. મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલા એક અધિકારીએ કહ્યું હતું કે રાજ્યના મુખ્યમંત્રીએ અંગત રસ લઈને આ સિસ્ટમને ફરી શરૂ કરાવવી જોઈએ કે જેથી અરજદારની ફાઈલ ક્યાં પડી રહી છે તેનો ખ્યાલ આવી શકે અને જવાબદાર અધિકારીને નશ્યત થઈ શકે. તેમણે એમ પણ કહ્યું હતું કે કેટલાક અધિકારી ફાઈલનો ઝડપથી નિકાલ કરે છે પરંતુ કેબિનેટ મંત્રીઓની ચેમ્બરમાં મહિનાઓ સુધી ફાઈલ પડી રહે તો તેમની સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવાતા નથી.

## એસ.જી. અને એસ.વી. શાળામાં પેપર ક્રાફટ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

એસ.જી અને એસ.વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે નાતાલના તહેવારને અનુલક્ષી પેપર ક્રાફટના વિવિધ મુગટ બનાવવાની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું અને ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે રૂ, ઊન, અને કાપડ માંથી સુંદર ફૂલ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

## ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોલેજમાં વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ડૉ.મનુભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ 'નીતિશતકમાં માનવજીવન મૂલ્યો' વિષયક વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સિપાલ ડૉ. હરિતભાઈ પટેલે સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષા વચ્ચનો અભિન્ન સંબંધ દર્શાવ્યો હતો. મુખ્યવકતા અને ગાંધીનગરની સરકારી વિનયન કોલેજના ડૉ.ગિરિશભાઈ સોલંકીએ ઉન્નત માનવજીવન માટે નીતિ મૂલ્યોની આવશ્યકતા દર્શાવી હતી. ડૉ.જે.વી. પટેલે માનવીય દૈનિકજીવનમાં નૈતિક મૂલ્યનું આચરણ કેમ કરવું તે દર્શાવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મુકેશભાઈ ગોરે કર્યું હતું. આ કાર્યક્રમની સફળતા માટે દમયંતી ચૌધરી, જાહનવી પટેલ, નેહા ઠાકોર, સંગીતા મારવાડી અને મહેક યાદવે જહેમત ઉઠાવી હતી.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગરમ કપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ત્રીપુરામાં નિશાળમાં ગરમ કપડાંનુ વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં ૧૫૦થી વધારે ગરમ જેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. ઉત્તર ત્રિપુરાના આનંદ બજારમાં વિસ્તારમાં ભણતા બાળકોન ગાંધીનગરથી પાર્સલ મોકલ્યા હતા અને ત્યાંના કાર્યકર્તા દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

### વાઈબ્રન્ટ લુક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહ્યુ છે. સુશોભન અને સલામતીના પરિબળોને ધ્યાનમાં રાખી હાલ ખ માર્ગ પર જરૂરી કામો હાથ ધરાયા છે. જેમાં હાલ માર્ગોની સપાટી ખરબચડી થઈ ગઈ હોય તેવા ઠેકાણે પેવર પટ્ટા તેમજ આસપાસની ફુટપાથના કર્બિંગને કલર કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગરમાં આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી હાલ વિવિધ પ્રકારની કામગીરી ચાલી રહી છે. શહેરના માર્ગો , ફુટપાથ, સેન્ટ્રલ વર્જ તેમજ સ્વર્ણિમ પાર્ક સહીતના વિસ્તારમાં સુધારણા તેમજ સુશોભનની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી આમ પણ માાર્ગો તેમજ ફુટપાથની જાળવણીનુ કામ કરવામાં આવ્યુ ન હતુ. અગાઉ વર્ષ ૨૦૧૯ માં વાઈબ્રન્ટ સમિટને ધ્યાનમાં રાખી નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ હતુ. જયારે વર્ષ ૨૦૨૦ માં કોરોનાના કહેર વચ્ચે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરી શકાયુ ન હતુ જયારે હવે વાઈબ્રન્ટ સમિટ યોજવાનો નિર્ણય લેવાતા છેલ્લા એક મહીનાથી શહેરમાં વિવિધ કામોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરમાં દેશના પ્રધાનમંત્રી , ગૃહમંત્રી ઉપરાંત દેશ વિદેશના જાણીતા ઉદ્યોગપતિઓ હાજરી આપવાના છે જેને અનુલક્ષી મહાનુભાવોના સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હાલ પણ સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર ખાતે વિવિધ પ્રદર્શન ગેલેરી ખુલ્લી મુકાતા નગરમાં ટ્રાફિક સિનારીયો બદલાયો છે. બીજીતરફ વાઈબ્રન્ટ સમિટના આયોજનમાં પણ તંત્ર ગળાડુબ છે. શહેરના વિવિધ માર્ગોનુ ડામર કામ કરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ પુર્ણતાના આરે છે. જયારે નગરના ખ માર્ગ પર જયાં વી વી આઈ પી મહાનુભાવોની વિશેષ અવરજવર રહે છે મહાત્મા મંદિર રેલવે સ્ટેશન તેમજ લીલા હોટલ સાથે સીધા જોડાયેલા આ માર્ગને ચકાચક બનાવવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. ખ માર્ગ ની સરફેસ કેટલાક ઠેકાણે ખરબચડી બની છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા હાલ પેવર પટ્ટાનુ કામ શરૂ કરાયુ છે આ ઉપરાંત ખ માર્ગની સુંદરતા નિખારવા ડામર કામની સાથે કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે. જેથી રાત્રિના સમયે આ માર્ગ પર રોનક જોવા મળશે માર્ગની આસપાસ સ્થિત ફુટપાથનુ પણ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ફુટપાથના કર્બિંગને પણ કલર કરવામાં આવી રહ્યો છે. નગરના ખ માર્ગ પર બેટરીના અભાવે લાંબા સમયથી બંધ પડેલા સોલાર બ્લિન્કર્સ પણ જગમગતા થઈ ગયા છે. બેટરી ચોરીના ઉપદ્રવને અનુલક્ષી તંત્ર દ્વારા સોલાર બ્લિન્કર્સમાં ઈન બ્યુલ્ટ બેટરી લગાવામાં આવી છે. જો કે શહેરમાં અંદાજિત ૨૫૦ જેટલા બ્લિન્કર્સમાં આ મુજબની બેટરી લગાવવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ખ માર્ગ પર સ્થિત મહાત્મા મંદિર જયાં વાઈબ્રન્ટ સમિટ યોજાવાની છે તેવા સ્થળે પણ પેવર બ્લોક તેમજ સી સી કેમરા અને સિગ્નલ લગાવી દેવાયા છે. આ ઉપરાંત મહાત્મા મંદિરના વિસ્તારમાં સુશોભનની કામગીરી સાથે સલામતીના પરિબળોનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. જયારે આ માટે મહાત્મા મંદિર તેમજ દાંડી કુટીર ફરતે ૬ ફુટ ઉંચી ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે.

### સીલ કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ હતી. જોકે નવમી ડિસેમ્બરે હાઈકોર્ટ દ્વારા નિમાયેલા કમિશનના બે સભ્યોએ બિલ્ડીંગના દરેક ફ્લોરની મુલાકાત લઈને ફોટોગ્રાફ-વિડીયો સાથેનો અહેવાલ સીલબંધ કવરમાં રજુ કર્યો હતો. હાઈકોર્ટમાં રજુ થયેલા રિપોર્ટ મુજબ ૩૫ ટકા બિલ્ડીંગમાં ફુલ ઓક્યુમન્સી હતી અને ૬૦ ટકાથી વધુ હિસ્સામાં પાર્શિયલ ઓક્યુમન્સી હતી. બિલ્ડીંગનું ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ પુરૂ થઈ ગયુ હતુ અને લાઈટ-પાણી-ગટર સહિતની સુવિધાઓ સાથે દુકાન-ઓફિસ ધમધમતા હતા. વિવાદી બિલ્ડીંગમાં રહેલી કેટલીક ક્ષતિઓ સામે કાર્યવાહી હાથ ધરાઈ હોવાની દલીલ મ્યુનિ. કોર્પો. દ્વારા થઈ હતી. બિલ્ડીંગની ત્રણ તરફ માર્જિન માટેની જગ્યા ઓછી છે, પાર્કિંગ સ્પેસ પણ નિયમ કરતાં ઓછી છે તેથી આ મામલે નોટીસ અપાઈ છે.

બિલ્ડર દ્વારા પાર્કિંગ માટે મિકેનીકલ કામ એક મહિનાથી ચાલી રહ્યુ છે અને બેઝમેન્ટમાં મલ્ટીલેવલ પાર્કિંગ બની રહ્યું છે તેવો દાવો મ્યુનિ.ના વકીલ તરફથી થયો હતો. જો કે કોર્ટ કમિશનની રૂબરૂ મુલાકાત દરમ્યાન લેવાયેલ ફોટોગ્રાફસમાં મલ્ટીલેવલ પાર્કિંગનું કામ ચાલતુ હોવાનું ક્યાંય જોવા મળ્યુ નથી. આ બાબતની ગંભીર નોંધ લઈ કોર્ટે મ્યુનિ.ના વકીલને સણસણતો સવાલ પુછ્યો હતો કે શું તેઓ બિલ્ડરના વકીલ પણ છે ?

આ કેસની વધુ સનાવણી ૧૧મી જાન્યુઆરીના રોજ હાથ ધરાશે.

### પરીક્ષા રદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એવી કડક સજા કરવામાં આવશે કે ભવિષ્યમાં ફૂટેલા પેપર કોઈ હાથમાં પણ નહીં પકડે. સંઘવીએ વધુમાં જણાવ્યું કે, ૮૮ હજાર ઉમેદવારોએ હેડ કલાર્કની પરીક્ષા આપી હતી, જેથી તેમના હિતમાં આગામી માર્ચ મહિનામાં ફરીવાર હેડકલાર્કની પરીક્ષા લેવાશે. નવી પદ્ધતિથી પરીક્ષા લઈ શકાય તે માટે મુખ્યમંત્રી સાથે ચર્ચા કરાઈ છે. ૭૦ પરીક્ષાર્થીઓએ પેપર લીધા હતાં તેમને પણ છોડાશે નહીં.

હવે એવી વ્યવસ્થા સાથે પરીક્ષા લેવાશે કે ગેરરીતિની કોઈ તક નહીં રહે. પેપર લેનારને એવી સજા કરાશે કે વર્ષો સુધી બહાર નહીં આવી શકે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી હેડ કલાર્ક પરીક્ષાના પેપર લીક કેસમાં ભાગેડુ આરોપી જયેશ પટેલની પોલીસે ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા પોલીસ વડાએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, ૨ પરીક્ષાર્થી પણ ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા બંને પરીક્ષાર્થી હિંમતનગરના હોવાનું સામે આવ્યું છે.

### વધુ બે કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલાઈઝેશન ઓછુ હોવાથી તંત્રને થોડીક રાહત છે. જો કે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમો અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે વધુ એક દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૧૫ જેટલા એક્ટીવ કેસ છે. જેમાંથી મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.